Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-16, Issue-4, March-2023

# ગાંધીજીના રચનાત્મક કાર્યક્રમની એક પ્રવૃત્તિ : દારૂનિષેધ

ડૉ. મયંક ટી. બારોટ

અધ્યાપક સહાયક, ઈતિહાસ વિભાગ, પ્રમુખ સ્વામી સાયન્સ & એચ.ડી.પટેલ આર્ટસ કોલેજ, કડી

- પ્રસ્તાવના -

હિંદુ-મુસ્લિમ એકતા, અસ્પૃશ્યતા-નિવારણ અને ખાદી (આર્થિક પરાધીનતામાંથી મુક્તિ) પછી હિંદની સમગ્ર પ્રજાને મોટા પ્રમાણમાં સ્પર્શતો પ્રશ્ન દારૂનો છે. આથી ગાંધીજીએ પોતાની સત્યાગ્રહની લડતમાં એક પ્રવૃત્તિ રૂપે તેને ઉપાડી લીધો.

સત્યાગ્રહના વ્યાપક માર્ગમાં આવતા અવરોધોને દૂર કરતાં સત્યને માર્ગે આગળ વધતા ગાંધીજી પોતાનું પ્રેમજગત કેમ વિસ્તારતા ગયા તે વિસ્તારની એક સામાન્ય લીલા તે દારૂનિષેધનું તેમનું ચિંતન અને કાર્ય.

- ગરીબીનું મુખ્ય કારણ દારૂ -

સત્યાગ્રહના વિશાળ માર્ગમાં જ્યારે ગરીબીનું દુઃખ ગાંધીજીએ જોયું ત્યારે એમની એ જ કાર્ય પદ્ધતિથી એ શરૂ કરે છે. આત્મનિરીક્ષણથી એમણે જોયું કે આપણા દેશના કરોડો લોકો ભૂખે મરે છે, તેમની ગરીબી માટે દારૂનુ વ્યસન એ એક જવાબદાર કારણ છે. આત્મપરીક્ષણથી એમણે એ પણ જોયું કે રોગ પ્રજાજીવનમાં વ્યાપેલો હોવા છતાં પ્રજાના સંસ્કારક્ષેત્રને એણે કોરી ખાધું નથી. એમની અહિંસક દ્રષ્ટિને કારણે દારૂ પીનારા લોકોનું તિરસ્કાર કરવાને બદલે એમણે એ શોધવા પ્રયત્ન કર્યો કે લોકો શા માટે દારૂ પીએ છે? તેની સ્થિતિ શું છે? અને એ સમભાવપૂર્ણ દર્શન પછી તેમની બુદ્ધિ તેનો ઉકેલ શોધવા મથે છે.

એ વિચારે છે કે લોકોને દારૂના વ્યસનમાંથી છોડાવ્યા વિના ગરીબી દૂર થઈ શકે નહીં. પણ ગાંધીજીને દ્રષ્ટિએ દારૂ નિષેધ એ માત્ર ગરીબી સામે ની લડત નથી. શુદ્ધ, તંદુરસ્ત અને સંવાદી સામાજિક જીવન નિર્માણ કરવા માટે દારૂનિષેધનું કાર્ય એ એમની સામે સ્વરાજ્યની પ્રવૃત્તિમાં, સત્યાગ્રહના માર્ગમાં એક ધર્મ બનીને આવે છે અને પછી એ ધર્મનું પાલન કરતાં એમની બુદ્ધિ અધર્મના વિનાશ માટે જોઈતા કારણો શોધી લાવે છે.

- દારૂ નિષેધ અંગેના વિચારો -

એમણે સામાન્યમાં સામાન્ય માનવીને સમજાય એવી વાત એ કરી કે આ પશ્ચિમનું જ અનિષ્ટ અનુકરણ છે. તેનાથી નથી કશો લાભ કે નથી તેને આ દેશની પ્રકૃતિ સાથે કશો સંબંધ. હિંદના ગરમ હવાપાણીમાં દારૂ એ જરૂરી વસ્તુ નથી. શુદ્ધ સત્ય અને જ્ઞાનના ઉપાસકોને દારૂના દોષ સમજાવવાની જરૂર ન હતી. આ દેશની પ્રત્યેક પ્રવૃત્તિને પ્રજાજીવનની ધાર્મિક બાજુને જાગૃત કરીને શરૂ કરનાર ગાંધીજી દારૂનિષેધની પ્રવૃત્તિ પણ લોકોને એ જ રીતે સમજાવે છે કે એ વ્યસનને પરિણામે સર્જાતો કેફ ધીમે ધીમે સ્મૃતિભંશ કરી જ્ઞાનનો વિનાશ કરે છે. આમ તેની આધ્યાત્મિક અસરોનો ગાંધીજીને ખ્યાલ છે. એટલું જ નહીં, પોતાની પ્રવૃત્તિની અનેક દિશાઓમાં એ આ એક દિશા પણ ખુલ્લી મૂકે છે અને

પ્રજાજીવનના સર્વદેશી વિકાસને રૂંધતી આ પ્રવૃત્તિ બંધ થવી જોઈએ, એ દ્રઢ સંકલ્પથી સમગ્ર દેશ સામે રચનાત્મક કાર્યક્રમમાં દારૂનિષેધની પ્રવૃત્તિ મૂકે છે. ગાંધીજીના પ્રત્યેક કાર્યચિંતનની જેમ દારૂનિષેધ પણ પ્રજા જીવનને સર્વાંગે સ્પર્શે છે.

ગાંધીજી કહે છે – "હું તમને મારા તરફથી ખાતરી આપી શકું છું કે આખી પ્રજા આ દારૂની બદીથી કંટાળી છે. જે દુર્ભાગી લોકો આ વ્યસનના ગુલામ બનેલા છે તેઓને તેમની પોતાની જ સામે થવામાં મદદ કરી ઉગારવાના છે. કેટલાક તો એવી મદદ પોતાને મોઢે માગી રહ્યા છે. આવી સાર્વત્રિક લોકલાગણીનું મોજું જ્યારે આ બદીની સામે ઉઠયું છે તે વખતે તેનો લાભ લેવા હું તમને ન વીનવું?"

આમ દારૂ એ હિંદની પ્રજાની બુદ્ધિને તેના શરીરને કેફ ચડાવ્યો હતો એ પણ અંદરની ચેતના, તેના સંસ્કારો, હજુ તેનાથી મુક્ત હતા. આથી ગાંધીજીનું કાર્ય સરળ બને છે.

- દારૂનિષેધનો રચનાત્મક કાર્યક્રમ -

દારૂનિષેધથી એમણે પ્રજાનો માનસિક ક્ષય અટકાવ્યો, આર્થિક સ્થિતિ સુધારી અને સંપૂર્ણ સહકારથી સર્વસંમતિથી એ કામ પૂરું કર્યું. પરંતુ પ્રત્યેક અન્યાયી, વિનાશી ક્રિયાની સાથે એક આભાસી પોષક બાબતને જોડનાર બ્રિટિશ સરકારની નીતિને તોડવી, લોકોના મોહને તોડવો સરળ ન હતો.

દારૂનિષેધનું કાર્ય રચનાત્મક કાર્યક્રમ રૂપે આપ્યા પહેલા તો તેમણે સરકારી કેળવણી ગુલામોને તૈયાર કરનારી અને નિરર્થક છે તે પ્રતીતિ લોકોને કરાવી દીધી હતી. એટલે લોકોનો તે માટેનો આગ્રહ મોળો પડ્યો હતો. સરકાર તરફથી દેખાડવામાં આવતા ભયની તો ગાંધીજી પર કશી અસર જ થતી નથી. એમનો જુગાર તથા દારૂનિષેધનો આગ્રહ એટલો બધો છે કે એ એટલે સુધી કહે છે કે "સંકટ-નિવારણ જુગાર વિના ન થતું હોય તો ભલે લાખો ભાઈબહેનો ભૂખે મરે. અધર્મમાંથી ધર્મની ઉત્પતિ સંભવતી જ નથી."

એમની સત્યની શોધ એમનો ધર્મનો આધાર અને આભાસી અહિંસાની છેતરપિંડીથી બચાવે છે અને એથી જ જ્યારે રાજકોટના ઠાકોર સાહેબ ગાંધીજીના જ શબ્દોમાં દારૂ વેચાણનો બચાવ કરીને પૂછે છે કે તમારી પ્રવૃત્તિથી વ્યક્તિ-સ્વાતંત્ર્યને હાનિ નથી થતી ? ત્યારે ગાંધીજી પોતાના સિદ્ધાંતોમાં જરાયે છૂટછાટ મૂક્યા વિના કેવું સ્પષ્ટ જવાબ આપે છે! "જેમ ચોરી કરવાનું સ્વાતંત્ર હોય નહીં તેમ દારૂ બનાવવા કે વેચવાનું પણ ન જ હોય." એ દારૂના વ્યાપારને સામાજિક ગુના રૂપે વર્ણવે છે. દારૂ પીવો એ અધિકારની વાત જ નથી. અને એથી એ પ્રવૃત્તિને બંધ કરવામાં કશીએ હિંસા નથી, અધર્મ નથી, કે ગાંધીજીના સિદ્ધાંતોનો વિરોધ નથી.

દારૂનિષેધની રાષ્ટ્રની કાયમી નીતિ તરીકે વર્ણવી તેનું આર્થિક, નૈતિક અને રાજકીય મૂલ્ય સમજાવ્યા પછી એમનો પુણ્યપ્રકોપ ક્યાં સુધી જાય છે! એ કહે છે – "જો મને એક કલાક માટે પણ આખા હિંદનો સરમુખત્યાર નીમવામાં આવે તો સૌથી પહેલું કામ હું એ કરું કે દારૂના એકે એક પીઠાનું કશું વળતર આપ્યા વિના બંધ કરી દઉં. ગુજરાતમાં જ્યાં ખજૂરા છે ત્યાં બધાનો નાશ કરું. કારખાનાઓ વાળા પાસે મજૂરો માટે મનુષ્યને યોગ્ય એવી સ્થિતિ પેદા કરાવું અને આ મજૂરોને જ્યાં નિર્દોષ પીણાં અને તેટલા જ નિર્દોષ

મનોરંજનના સાધનો મળે એવા ઉપહારગૃહો અને કીડાગૃહો ખોલાવું. કારખાનાના માલિક જો નાણાની તંગીનું કારણ બતાવે તો હું તેમના કારખાના બંધ કરી દઉં. દારૂનો સંપૂર્ણ ત્યાગ કરનાર હોય એક કલાકનું સરમુખત્યારશાહી મળવા છતાં હું મારું ભાન ઠેકાણે રાખું. એટલે મારા યુરોપિયન મિત્રો અને માંદા માણસો જેમને બ્રાન્ડી કે એવી ચીઝની દવા તરીકે જરૂર હોય તે સૌની સરકારી ખર્ચે, હોશિયાર ડોક્ટરો પાસે તપાસ કરાવડાવું અને જ્યાં જરૂર હોય ત્યાં એમને પ્રમાણપત્રોવાળા દવાના વેપારીઓ પાસેથી ઠરાવેલા પ્રમાણમાં આ જલદ પીણા મેળવવાનો અધિકાર આપનારા પ્રમાણપત્રો આપવામાં આવે એવી ગોઠવણ કરૂં. દારૂની આવક પૂરતી ખોટને માટે હું સીધો જ લશ્કરી ખર્ચ પર કાપ મુકું અને સેનાધિપતિ નવી સ્થિતિમાં ગમેતેમ કરીને ચલાવી એવી તેની પાસે અપેક્ષા રાખું."

- દારૂ નિષેધ માટેના ગાંધીજીના પ્રયાસો -

મુંબઈ શહેરમાં દારૂનો ધંધો મોટાભાગે પારસીઓ કરતા હતા. એમને એ ધંધો છોડવા માટે સમજાવવાના પ્રયત્નો કર્યા હતા. ગાંધીજીએ એમને ઉદ્દેશીને પત્રો પ્રગટ કર્યા. તદઉપરાંત દારૂની દુકાનવાળાઓને સમજાવવા ઉપરાંત દારૂની દુકાનો પર પિકેટિંગની વ્યવસ્થા કરવામાં આવી, આ માટે તેમણે દારૂના દુકાનદારો માટે સદભાવ દાખવવો જોઈએ તેમ કહ્યું. બહેનોના સાથ સહકારથી અસરકારક પિકેટિંગ શક્ય બન્યું હતું. ૧૯૩૭માં ભારતના કેટલાક પ્રાંતોમાં કોંગ્રેસ સત્તા પર આવી ત્યારે તેણે મદ્રાસ, મુંબઈ, ઉત્તર પ્રદેશ, બિહાર, મધ્યપ્રાંત અને વાયવ્ય સરહદના પ્રાંતના કેટલાક ભાગમાં દારૂબંધી દાખલ કરી અને આસામ તથા ઓરિસ્સામાં અફીણની બંધી કરી. આ શક્ય બન્યું ગાંધીજીના પ્રયાસોને કારણે જ.

- મૂલ્યાંકન -

ગાંધીજીના રચનાત્મક કાર્યો પરસ્પર પૂરક છે અને ક્યારેક એકમાં બીજું સમાઈ જાય છે. કાર્ય તરીકે એ ભિન્ન હોય તો પણ તેની પાછળનો ઉદ્દેશ, તેના પાયાના સિદ્ધાંતો અને તેને વ્યવહારમાં મૂકવાની પદ્ધતિ વિશે બહુ તફાવત નથી. દા.ત. હિંદના કરોડો ગામડામાં પડેલ ગરીબ માણસને સાચા સ્વરાજ્ય માટે તૈયાર કરવાના, સર્વોદયના પ્રયત્નમાંથી ખાદીની પ્રવૃત્તિ એ પ્રજા સમક્ષ મૂકે છે. આ ખાદી પાછળનો મૂળ અને અંતિમ આદર્શ અને એ આદર્શની સાથે ગ્રામોદ્યોગ, ગ્રામસફાઈ અને આર્થિક સમાનતા સંકળાઈ જાય છે, એ જ રીતે કેળવણી એ જીવનલક્ષી, જીવનવ્યાપી અને સર્વાંગી જીવનનો વિકાસ કરનારી હોય તો પ્રૌઢશિક્ષણ, માતૃભાષા પ્રેમ, કે રાષ્ટ્રભાષા પ્રચાર, એ એના જ અંગો બની રહે છે. ૧૯૪૦માં આ રચનાત્મક કાર્યક્રમના ૧૩ વિષયો દર્શાવ્યા પછી ગાંધીજી કહે છે – "આમાં બીજું ઉમેરી શકાય છે અથવા નોંધ એવી વ્યાપક છે કે જે રહી ગયું દેખાય છે તે આમાં આવી જાય છે એમ સિદ્ધ કરી શકાય."

આમ તો ગાંધીજીનો સત્યાગ્રહ એ શબ્દ જ એવો વ્યાપક છે કે તેમના સમગ્ર જીવનચિંતનને તેમાં સમાવી શકાય. જીવનના કોઈપણ પ્રશ્ન પરત્વે એમનો અભિગમ એમનો ઉકેલ અને એમનું દર્શન સમાન જ રહ્યું છે. એટલે હવે બીજી કેટલીક વિચારણા જેનો જુદો ઉલ્લેખ અનિવાર્ય નથી તેને ગાંધીજીના ચિંતન જગતમાં એ ભૂમિકાએ

ગોઠવાયેલા છે તે ભૂમિકાનો નિર્દેશ કરી સમગ્ર ચિંતન સાથેનું તેનું અનુસંધાન દર્શાવી ગાંધીજીના સંવાદી જીવનમાનસમાં ચિત્રની રૂપરેખાને સંકોરી લઈએ.

**સંદર્ભ સૂચિ**


1. પ્રસાદ બ્રહ્મભટ્ટ, વિશ્વ માનવ ગાંધીજી, ગુર્જર સાહિત્ય ભવન, અમદાવાદ.
2. મોહનદાસ કરમચંદ ગાંધી, ‘સત્યના પ્રયોગો’(આત્મકથા), નવજીવન, અમદાવાદ.
3. પ્રો. મહેબૂબ દેસાઈ, ‘ગાંધીજી - એક રાષ્ટ્રીય સેવક’, પાર્શ્વ પબ્લિકેશન-2012.